DE-001-001480 Seat No. ________

# B. A. (Sem. IV) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati : Paper - IX

**પદ્ય અભ્યાસ ('સુંદરમ્‌નાં ગીતો')**

***(Elective - I)***

***(Old Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001480**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં M.C.Q. પ્રકારના વીસ પ્રશ્નો છે.

(૨) એક M.C.Q. નો એક ગુણ એમ કુલ વીસ ગુણ છે.

(૩) M.C.Q. પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

**1** નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો : **20**

(1) 'સુંદરમ્'નું મૂળ નામ શું હતું ?

(A) ત્રિભુવનદાસ લુહાર

(B) ત્રિભુવન વ્યાસ

(C) ઉમાશંકર જોશી

(D) રમણલાલ જોશી

(2) 'સુંદરમ્' કયા યુગના કવિ છે ?

(A) નર્મદયુગ (B) પંડિતયુગ

(C) અનુગાંધીયુગ (D) ગાંધીયુગ

(3) 'સુંદરમ્નાં ગીતો'ના સંપાદિકાનું નામ શું હતું ?

(A) ગીતા પંડ્યા (B) ઉષા પંડ્યા

(C) મીના પંડ્યા (D) સુધા પંડ્યા

(4) સુંદરમ્ના પિતાનું નામ શું હતું ?

(A) પુરુષોત્તમદાસ લુહાર

(B) પરસોતમ લુહાર

(C) પ્રતાપસિંગ લુહાર

(D) પ્રવિણસિંહ લુહાર

(5) 'સુંદરમ્'નો 'ઈશ' કાવ્યસંગ્રહ ક્યારે પ્રગટ થયો ?

(A) ઈ.સ. 1994 (B) ઈ.સ. 1995

(C) ઈ.સ. 1996 (D) ઈ.સ. 1997

(6) 'હંકારી જા' ગીતમાં કવિ ભૂખી શબરી માટે કયો શબ્દ કે વિશેષણ યોજે છે ?

(A) આજન્મ ભૂખી (B) જનમ ભૂખી

(C) યુગો ભૂખી (D) ભૂખી

(7) ગુજરાતી કવિતામાં શ્રી અરવિંદની મંત્ર કવિતાનો પ્રભાવ 'સુંદરમ્'ના કયા કાવ્યસંગ્રહની કવિતા પછી આવ્યો ?

(A) કાવ્યમંગલા (B) યાત્રા

(C) વસુધા (D) રંગ રંગ વાદળિયાં

(8) 'નવું ભજન' ગીતનો ઢાળ કોના જેવો છે ?

(A) ધીરાની કાફીઓ

(B) અખાના છપ્પા

(C) ભોજા ભગતના ચાબખા

(D) કાચબા-કાચબીનાં ભજન

(9) એક આંખે અમૃત બરસે ને બીજી ઝરે છે.......... ?

(A) દેવતા (B) ધૂમાડો

(C) અંગારા (D) અશ્રુધારા

(10) 'ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા' પંક્તિનું કાવ્ય કયું છે ?

(A) ચલાવી જા (B) દોડાવી જા

(C) હંકારી જા (D) સમારી જા

(11) તલાવણીમાં રહેતો વર્ગ કયો છે ?

(A) શોષક (B) અમીર

(C) તવંગર (D) ગરીબ

(12) 'કોણ બદલતું સંધ્યાકાળે પલપલ નવલાં.......... ચીર ?'
- ખાલી જગ્યા પૂરો.

(A) નૂતન (B) અલૌકિક

(C) પ્રેમળ (D) અદીઠ

(13) 'સુંદરમ્ હાડે કવિ છે' એવું વિધાન સુંદરમ્ વિશે કોણે કરેલું ?

(A) રા. વિ. પાઠક (B) ઉમાશંકર જોશી

(C) નિરંજન ભગત (D) અનંતરાય રાવળ

(14) 'આ જનગણ અણગણ મણિ મોતી' - અલંકાર ઓળખાવો.

(A) ઉત્પ્રેક્ષા (B) શબ્દાનુપ્રાસ

(C) ઉપમા (D) રૂપક

(15) સુંદરમ્‌ના મરણોત્તર કાવ્યસંગ્રહોની સંખ્યા કેટલી ?

(A) નવ (B) પાંચ

(C) ત્રણ (D) ચાર

(16) 'ત્રણ પાડોશી'ના શેઠની 'મોટી દૈત્ય હવેલી' ગામનું શું ગણાતી ?

(A) અજાયબી (B) જોવાલાયક ઈમારત

(C) નાક (D) ઈમારત

(17) મેઘરાજ જીવનનો કયો સંદેશ લઈ આવે છે ?

(A) સુખનો (B) દુઃખનો

(C) મહેનતનો (D) આરામનો

(18) 'રંગના ઓવારે, તેજના ફુવારે, કુંકમના ક્યારે' - પંક્તિમાં રહેલો અલંકાર ઓળખાવો.

(A) સજીવારોપણ (B) શબ્દાનુપ્રાસ

(C) વ્યતિરેક (D) અનન્વય

(19) 'મેરે પ્રિયા' ગીત સુંદરમ્‌ના કયા કાવ્યસંગ્રહમાં લેવામાં આવ્યું છે ?

(A) વરદા (B) પલ્લવિતા

(C) મુદિતા (D) યાત્રા

(20) 'એને રે વૈકુંઠ વિષે કમી રે કાંઈ ન હતી,

દુનિયાની શાને લીધ દિશ ?' - પંક્તિ સુંદરમ્‌ના કયા ગીતની છે ?

(A) ત્રણ પાડોશી (B) હરિનાં હાટ

(C) હું તો પૂછું (D) ગઠરિયાં

2 સુંદરમ્‌ના જીવન ઘડતરનાં પરિબળોની ચર્ચા કરી તેની સાહિત્ય સેવાનું વિગતે મૂલ્યાંકન કરો. 10

**અથવા**

2 'સુંદરમ્‌ની ભક્તિ કવિતા તો રત્નોની ખાણ છે' સુંદરમ્‌નાં ગીતોના આધારે આ વિધાનની ચર્ચા કરો. 10

3 'સુંદરમ્‌નાં ગીતો'ને આધારે સુંદરમ્‌ને ગીતકવિ તરીકે મૂલવો. 10

**અથવા**

3 'સુંદરમ્‌નાં ગીતો'માં આલેખાયેલ સામાજિક વાસ્તવનો પરિચય કરાવો. 10

4 (અ) ટૂંકનોંધ લખો : (બેમાંથી **એક**) 8

(1) 'ટીટોડી અને સાગર' કાવ્યનું રસદર્શન

(2) સુંદરમ્‌ની ગીતરચનાઓમાં થયેલ ભાષાવિનિયોગ.

(બ) ટૂંકનોંધ લખો : (બેમાંથી **એક**) **8**

(1) 'સુંદરમ્‌નાં ગીતો'માં પ્રકૃતિ નિરૂપણ

(2) 'સુંદરમ્‌નાં ગીતો'માં વિષયવૈવિધ્ય.

**5** નીચેનામાંથી કોઈ પણ બે લખો : **14**

(1) 'મેરે પિયા' કાવ્યનો આસ્વાદ

(2) 'સુંદરમ્‌નાં ગીતો'માં પ્રેમલક્ષણા ભક્તિ

(3) 'ત્રણ પાડોશી' કાવ્યનો આસ્વાદ

(4) 'નવું ભજન' કાવ્યનો આસ્વાદ.